Extra No. 162

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] **SATURDAY, JUNE 20, 2026 / JYAISTHA 30, 1948**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (ફ) અન્વયેનો.

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૧૦૪/૨૦૨૬.-કમાન્ડીંગ ઓફિસરશ્રી, ૩૦, ગુજરાત બટાલીયન, એન.સી.સી.,ગોધરાનાઓને તેમના તા ૦૧/૦૫/૨૦૨૬ ના પત્રથી તા.૨૮/૦૫/૨૦૨૬ થી તા.૦૬/૦૬/૨૦૨૬ સુધી એન.સી.સી. લીડરશીપ એકેડમી, નાવલી તા.જી.આણંદ ખાતે વાર્ષિક ફાયરીંગ પ્રેકટીસ કેમ્પ યોજવા માટે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. જે અન્વયે પોલીસ અધિક્ષકશ્રી, આણંદે તેમના તા.૧૯/૦૫/૨૦૨૬ના પત્ર ક્રમાંકઃ સીબી-૫/ફાયરીંગ જાહેરનામું/૯૭૮૬/૨૬ થી જાહેરનામુ બહાર પાડવા અભિપ્રાય અત્રે મોકલી આપેલ છે.

સબબ હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ સને ૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ -૩૩(૧)(ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ આણંદ(રૂરલ) પો.સ્ટે.ની હદમાં આવેલએન.સી.સી. લીડરશીપ એકેડમી નાવલી, તા.જિ.આણંદ (એક કિલોમીટર) વિસ્તારમાં તા.૨૮/૦૫/૨૦૨૬ ઘી તા.૦૬/૦૬/૨૦૨૬ સુધી (બંને દિવસો સહિત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા ફરમાવું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના સમગ્ર વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી તથા પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળથી દુર રાખવા તથા સદરહુ જગામાં પશુઓ અવર જવર કરે નહી તેની તકેદારી રાખવી.

શિક્ષાને

આ જાહેરનામાના ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૧ હેઠળ પાત્ર થશે.

મે આજ રોજ તા.૨૫/૦૫/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ જાહેરનામુ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૧૦ /૨૦૨૬ - આગામી તા. ૧૪/૦૬/૨૦૨૬ ના રોજ આણંદ જીલ્લામાં સામેલ યાદી મુજબના કુલ ૩૭ પરીક્ષા કેન્દ્ર ઉપર લોકરક્ષક ભરતી પ્રક્રિયાની લેખિત પરીક્ષા યોજાનાર હોય સદર કેન્દ્રો પર પરીક્ષા શાંતિમય વાતાવારણમાં યોજાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રની આસપાસ વાલીઓના અને લોકોના ટોળાઓ એકઠા ન થાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તથા પરીક્ષા દરમ્યાન કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય, પરીક્ષાર્થીઓ નિર્ભયતા થી પરીક્ષા આપી શકે તે સારૂ પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરના એરીયામાં ઝેરોક્ષ સેન્ટરો બંધ રાખવા, પરીક્ષા દરમ્યાન કોઈપણ જાતના વિજાણુયંત્ર નહીં" રાખવા, લાઉડ સ્પીકર ઉપયોગ ન કરવા બાબતે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરીસ્થીતી જળવાઇ રહે તે સારૂ પોલીસ 162 અધિક્ષકશ્રી, આણંદનાઓએ તેમના પત્ર નં.એલઆઈબી/જાહેરનામું/૧૪૭૮/૨૦૨૬, તા.૦૬/૦૬/૨૦૨૬ થી જાહેરનામુપ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે.

પ્રતિબંધ-

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.A.S), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરીક સુરક્ષા સહીંતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની રૂઈએ તા.૧૪/૦૬/૨૦૨૬ના રોજ સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમિયાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉડની દિવાલની ૧૦૦ મીટરથી ૨૦૦ મીટરની ત્રિજ્યામાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમિયાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૮:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓને મોબાઈલ ફોન કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૧૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૧૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ,

-:: અપવાદ ::-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહીં.

-:: સમયગાળો ::-

આ હુકમ તા. ૧૪/૦૬/૨૦૨૬ ના સવાર કલાક ૦૮:૦૦ થી કલા ૧૯:૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ આ સાથે સામેલ યાદી મુજબના પરીક્ષા કેન્દ્રના વિસ્તારને લાગુ પડશે

-:: શિક્ષા::-

આ હુકમને ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરિયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

આણંદ જીલ્લા

તા.૧૪/૦૬/૨૦૨૬ના રોજ યોજનાર લોકરક્ષક લેખીત પરીક્ષાના કેન્દ્રોની યાદી

લોકરક્ષક લેખિત પરિક્ષા કેન્દ્રોની વિગત ૨૦૨૬

ક્રમ.નં.	પો.સ્ટેનુ નામ	સ્કુલનું નામ	સ્કુલનું સરનામું	બ્લોકની સંખ્યા	ઉમેદવારની સંખ્યા	પ્રિન્સીપાલનું નામ	પ્રિન્સીપાલનો મોબાઇલ નંબર
૧	આણંદ ટાઉન	ડી.એન. હાઇસ્કુલ, યુનિટ - ૧ આણંદ	સ્ટેશન રોડ આણંદ	૧૫	૪૫૦	ગીરીશભાઇ પટેલ	૯૨૨૮૭૪૧૪૨૪
૨		ડી.એન. હાઇસ્કુલ, યુનિટ - ૨ આણંદ	સ્ટેશન રોડ, આણંદ	૧૦	૩૦૦	પ્રમોદભાઇ ચૌધરી	૯૪૨૭૦૬૩૨૫૭
૩		કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ	ડી.એન. હાઇસ્કુલ કેમ્પસ, સ્ટેશન રોડ આણંદ	૧૫	૪૫૦	નિરાલીબેન ખંડેવાલા	૮૩૨૦૮૧૧૨૯૯
૪		ચરોતર છ્ટલીશ મિડીયમ સ્કુલ યુનિટ ૧ - આણંદ	ડી.એન. હાઇસ્કુલ કેમ્પસ, સ્ટેશન રોડ આણંદ	૧૫	૪૫૦	કાર્તિક પટેલ	૯૯૧૩૬૦૫૨૦૧
૫		ચરોતર છ્ટલીશ મિડીયમ સ્કુલ યુનિટ - ૨ આણંદ	ડી.એન. હાઇસ્કુલ કેમ્પસ, સ્ટેશન રોડ આણંદ	૧૦	૩૦૦	હાર્દિકાબેન પટેલ	૯૮૭૪૦૬૭૧૮૪
૬		આણંદ હાઇસ્કુલ આણંદ	ગ્રીડ ચોકડી, ટાઉન હોલની પાસે, આણંદ	૧૫	૪૫૦	કૃષ્ણલાલભાઇ રાણા	૯૬૯૮૨૬૪૬૨૬
૭		ડી. એડ પટેલ હાઇસ્કુલ યુનિટ - ૧ આણંદ	૮૦ ફુટ રોડ, આણંદ	૧૦	૩૦૦	તેજલબેન જાની	૭૪૦૫૧૭૭૦૫૦
૮		ડી. એડ પટેલ હાઇસ્કુલ યુનિટ - ૨ આણંદ	૮૦ ફુટ રોડ, આણંદ	૧૦	૩૦૦	કેવલ ઠક્કર	૯૪૨૯૦૩૪૯૨૪
૯		સરદાર વલ્લભભાઇ પટેલ હાઇસ્કુલ, ખેતીવાડી આણંદ	જાગનાથ મંદિર પાસે, આણંદ	૧૫	૪૫૦	યોગેશભાઇ પટેલ	૯૯૦૬૨૧૧૬૧૩

૧૦		ધ સાલ્વેશન આર્મી ઇગ્લીશ મિડીયમ સ્કુલ, આણંદ	અમૂલ ડેરી રોડ આણંદ	૧૨	૩૬૦	સીમાબેન ચૌહાણ	૯૯૦૪૨૫૮૪૪૧
૧૧	આણંદ ટાઉન	જે. પી. ઠક્કર હાઇસ્કુલ આણંદ	એન. એસ. પટેલ, આર્ટસ કોલેજ પાસે, ભાલેજ રોડ, આણંદ	૧૦	૩૦૦	પ્રફુલ્લ દવે	૯૦૩૩૪૩૭૧૦૨
૧૨		ચરોતર મિલ્લત હાઇસ્કુલ, આણંદ	ઓવર બ્રિજની પાસે, ભાલેજ રોડ, આણંદ	૧૦	૩૦૦	સલમા લીમાણી	૯૯૯૮૧૬૦૧૫૬
૧૩		મદ્રેશા હાઇસ્કુલ, આણંદ	ભાલેજ રોડ, આણંદ	૧૦	૩૦૦	નઈમભાઇ પઠાણ	૯૯૭૪૪૩૯૨૩૦
૧૪		સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, ગામડી	ગામડી, આણંદ	૧૨	૩૬૦	ફ્રાનોએલ .	૬૩૫૧૫૫૦૭૪૧
૧૫		વિમલ મરીયમ હાઇસ્કુલ, ગામડી	ગામડી, આણંદ	૮	૨૪૦	ફ્રીરીટભાઇ વાણીયા	૯૮૭૯૬૯૯૭૬૩
૧૬	આણંદ રૂરલ	સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કુલ, આવડાપુરા	આવડાપુરા, આણંદ	૮	૨૪૦	ફ્રાન્સેસ્કીયમ . સેલ્વા	૯૯૧૩૪૫૭૮૭૭
૧૭		એચ. એલ. પટેલ, હાઇસ્કુલ, યુનિટ-૧ સામરખા	આણંદ - ભાલેજ રોડ, સામરખા	૧૦	૩૦૦	અમૃતભાઇ પટેલ	૯૮૨૫૭૧૦૮૫૭
૧૮		એચ. એલ. પટેલ, હાઇસ્કુલ, યુનિટ-૨ સામરખા	આણંદ - ભાલેજ રોડ, સામરખા	૧૦	૩૦૦	અંકીતભાઇ પટેલ	૯૯૨૫૦૧૫૬૯૭
૧૯		સેન્ટ ઝેવિયર્સ વિદ્યાવિહાર , લીમડાપુરા	લીમડાપુરા આણંદ	૧૦	૩૦૦	સીસ્ટર વર્ષા	૮૮૨૮૨૯૨૮૪૮
૨૦		સરદાર પટેલ હાઇસ્કુલ, બોરીયાવી	બોરીયાવી આણંદ	૧૫	૪૫૦	મનિષભાઇ કા . પટેલ	૯૯૮૮૨૩૯૭૨

૨૧	આણંદ રૂરલ	જે. જે. ઇન્ટરનેશનલ સ્કુલ આણંદ	આણંદ લાંભવેલ રોડ, આણંદ	૧૦	૩૦૦	મનિષભાઇ પટેલ	૮૩૪૭૯૬૯૬૬૯
૨૨	વિદ્યાનગર	જી. જે. શારદા મંદિર	ભાઇકાકા સ્ટેચ્યુ વલ્લભ વિદ્યાનગર	૮	૨૪૦	યામીનીબેન પટેલ	૯૯૭૪૬૮૮૦૨૯
૨૩		એમ. યુ. પટેલ ટેક. હાઇસ્કુલ વલ્લભ વિદ્યાનગર	ભાઇકાકા સ્ટેચ્યુ વલ્લભ વિદ્યાનગર	૮	૨૪૦	હાસીત પાઠક	૯૪૨૬૨૬૪૨૫૪
૨૪		એમ. એસ. મિસ્ત્રી બિલ્ડીંગ, નલીની આર્સ કોલેજ પાછળ, નાના બજાર વિદ્યાનગર	ભાઇકાકા સર્કલ વલ્લભ વિદ્યાનગર	૧૦	૩૦૦	રાહુલભાઇ જે સોલંકી	૯૮૨૪૫૨૭૬૩૬
૨૫		સી.વી.એમ. હાયર સેકન્ડરી કોમ્પલેક્ષ (જનરલ સ્ટ્રમ) વલ્લભ વિદ્યાનગર	પી.વી.પટેલ કોલેજ બિલ્ડીંગ પાછળ, નલીની આર્ટસ કોલેજ વલ્લભ વિદ્યાનગર	૧૫	૪૫૦	ડૉ.અમીતભાઇ ભટ્ટ	૯૪૨૭૨૩૮૫૪૦
૨૬		સી. એમ. હાઇયર સેકન્ડરી કોમ્પલેક્ષ (સાયન્સ સ્ટ્રીમ) યુનિટ - ૧ વલ્લભવિદ્યાનગર	મોટા બજાર વલ્લભ વિદ્યાનગર	૧૨	૩૬૦	હેમંતકુમાર પટેલ	૯૪૨૭૩૨૧૫૮૩
૨૭		સી. એમ. હાઇયર સેકન્ડરી કોમ્પલેક્ષ (સાયન્સ સ્ટ્રીમ) યુનિટ - ૨ વલ્લભવિદ્યાનગર	મોટા બજાર વલ્લભ વિદ્યાનગર	૧૦	૩૦૦	રાજેશ એનપટેલ .	૯૪૨૬૯૯૦૨૧૨
૨૮		આર. બી. પટેલ ઇગ્લીશ મિડીયમ સ્કુલ (જી.આઇ.એ.) વલ્લભ વિદ્યાનગર	રેલ્વે સ્ટેશન પાસે વલ્લભ વિદ્યાનગર	૮	૨૪૦	ભાવેશભાઇ ભટ્ટ	૯૪૨૬૦૩૭૫૪૮

૨૯	વિદ્યાનગર	શ્રીમતી કે. આર. પટેલ માધ્યમિક શાળા, બાવીસ ગામ વિદ્યાલય	સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, વલ્લભ વિદ્યાનગર	૧૦	૩૦૦	મિરાબેન થરકન	૭૪૮૭૦૪૩૯૦૧
૩૦		મહાત્મા ગાંધી વિદ્યાલય મોગરી	મોગરી, આણંદ	૧૫	૪૫૦	હેમંતકુમાર દવે	૯૮૨૫૪૩૬૭૪૩
૩૧		સેન્ટ મેરી હાઇસ્કુલ, મોગરી	જુના આણંદ મોગરી - રોડ, મોગરી	૧૦	૩૦૦	ગીતા નાયર	૯૮૯૮૦૫૩૨૭૦
૩૨		એસ.ડી. દેસાઇ હાઇસ્કુલ વલ્લભ વિદ્યાનગર	બાકરોલ ગેટ પાસે, વલ્લભ વિદ્યાનગર	૮	૨૪૦	ધર્મેન્દ્રભાઇ ત્રિવેદી	૯૯૨૫૧૫૮૬૭૧
૩૩		દક્ષિણા મુર્તિ હાઇસ્કુલ વલ્લભ વિદ્યાનગર	બાકરોલ ગેટ પાસે, વલ્લભ વિદ્યાનગર	૮	૨૪૦	તુષાર એનપારેખ	૯૯૯૮૮૧૯૧૬૩
૩૪		બી.એ.પી.એસ. વિદ્યાલય, બાકરોલ	બાકરોલ ગેટ પાસે, બાકરોલ	૧૦	૩૦૦	હિરેનભાઇ પટેલ	૯૮૭૯૯૬૭૫૧૨
૩૫		નોલેજ હાઇસ્કુલ યુનિટ - ૧ આણંદ	નોલેજ કેમ્પસ વડતાલ રોડ બાકરોલ	૧૦	૩૦૦	અમીતાભ મેકવાન	૯૭૨૩૯૩૦૮૭૮
૩૬		નોલેજ હાઇસ્કુલ યુનિટ - ૨ આણંદ	નોલેજ કેમ્પસ વડતાલ રોડ બાકરોલ	૧૦	૩૦૦	અક્ષયભાઇ પટેલ	૯૭૭૩૪૮૦૯૬૬
૩૭		નોલેજ હાઇસ્કુલ યુનિટ - ૩ આણંદ	નોલેજ કેમ્પસ વડતાલ રોડ બાકરોલ	૧૦	૩૦૦	ધ્રુવભાઇ બારોટ	૭૪૦૫૪૪૫૪૨૨
<u>કુલ</u>				<u>૪૦૨</u>	<u>૧૨૦૬૦</u>		

જાહેરનામુ

ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા - ૨૦૨૩ ની કલમ ૧૬૩ હેઠળ બહાર પાડેલ

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર/૧૧૧/૨૦૨૬.-National Testing Agency, New Delhi દ્વારા UGC-NET June 2026 ની પરીક્ષા આગામી તા.૨૨/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ દરમ્યાન યોજાનાર છે. જે અન્વયે અત્રેના જીલ્લામાં દર્શ ઈન્ફોટેક, ૩૦૭થી ૩૧૪, ત્રીજો માળ, સીગ્મા કોમ્પ્લેક્ષ, સરદાર પટેલ સ્ટેચ્યુ પાસે, ડી-માર્ટ ની ઉપર, વલ્લભ વિદ્યાનગર, તા.જી.આણંદ-૩૮૮૧૨૦ તથા સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, એસ.એસ.પટેલ આર્ટસ કોલેજ સર્કલ પાસે, સરદાર પટેલ ઓવરબ્રીજ, આણંદ-૩૮૮૦૦૧ ખાતેના પરીક્ષા કેન્દ્રો ઉપર પરીક્ષાનું સુચારુ અને નિષ્પક્ષ સંચાલન થાય તેમજ પરીક્ષા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે Director General, National Testing Agency, New Delhiના તા.૦૨/૦૬/૨૦૨૬ના પત્ર D.O.No.E-/001/EXAM-I/UGC NET JUNE/2026-NTA થી જાહેરનામુ પ્રસિધ્ધ કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (G.AS), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા- ૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તાની તા.૨૨/૦૬/૨૦૨૬ થી તા.૩૦/૦૬/૨૦૨૬ દરમ્યાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૯:૦૦ કલાક દરમ્યાન ઉપર મુજબના પરીક્ષા કેન્દ્રએ નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધ :-

(૧) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યક્તિ સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત તથા સંબંધિત પરીક્ષા કેન્દ્ર જે શાળામાં આવેલ હોય તે શાળાના સંચાલક મંડળના સભ્યશ્રીઓ કે હોદેદારોને પરીક્ષા કેન્દ્રમાં કે કેન્દ્રની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં પરીક્ષાના દિવસે અને સમય દરમ્યાન પ્રવેશ માટે પ્રતિબંધ ફરમાવું છું.

(૨) પરીક્ષા કેન્દ્રની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરથી ૩૦૦ મીટરની ત્રિજ્યમાં આવેલ તમામ ઝેરોક્ષ મશીન, સાયબર કાફે, ફોટોકોપી સેન્ટર પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૦૮:૦૦ થી સાંજના ૧૯:૦૦ કલાક દરમ્યાન ચાલુ રાખવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

(૩) પરીક્ષાના કેન્દ્રમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈ પણ કર્મચારી (સરકારી પ્રતિનિધિ સિવાય) તેઓનો મોબાઈલ ફોન કે ઈલેકટ્રોનિક માધ્યમથી સંદેશા વ્યવહાર કે રેકોડીંગ થઈ શકે તેવા કોઈપણ પ્રકારના ઉપકરણો પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.

(૪) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં પરીક્ષાર્થી ઉમેદવારો અને પરીક્ષાની કામગીરીમાં રોકાયેલ અધિકૃત વ્યકિત સિવાય અન્ય કોઈપણ બિન અધિકૃત વ્યકિત ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહિ ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

(૫) પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની દિવાલની ૨૦૦ મીટરની ત્રિજયામાં જાહેરમાં લાઉડસ્પીકર કે મ્યુઝિક બેન્ડ કે ડી.જે. મ્યુઝિક સીસ્ટમ વગાડવા પર સંપૂર્ણ પ્રતિબંધ.

અપવાદ :-

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને પરીક્ષા કેન્દ્ર નજીક પર મુકેલા સલામતી કર્મચારીઓ તથા પરીક્ષાની ફરજોનો હવાલો સંભાળતા અધિકારીઓ તેમની વિધિસરની ફરજો દરમ્યાન આવા સાધનોને ઉપયોગ કરી શકશે.

આ હુકમ આણંદ જિલ્લામાં UGC-NET June 2026 માટે નક્કી કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો ઉપર લાગુ પડશે.

આ હુકમનો ભંગ કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજજાના કોઈપણ પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામા ભંગ બદલ ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા. ૦૯/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી હુકમ બહાર પાડવામાં આવ્યો.

ઋતુરાજ દેસાઈ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.07.11 14:41:46 IST